# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-04-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **રાજ્ય સરકારે શહેરોના વિકાસ માટે એક હજાર 203 કરોડ રૂપિયાના કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી**
2. **અંતરિયાળ ગામોના લોકોને નજીકના સ્થળે સારવાર આપવા સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલોના નિર્માણનો સરકારનો અભિગમ**
3. **નવસારી મહાનગરપાલિકાના 14 કરોડ રૂપિયા કરતાં વધુના વિકાસ કામોનું કેન્દ્રીય જળશક્તિમંત્રી સી આર પાટીલે લોકાર્પણ કર્યું**
4. **રાજકોટ જીલ્લાને વિવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ આપતાં કેન્દ્રીય મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયા**
5. **જીપીએસસી દ્વારા વહિવટી સેવા વર્ગ -1 અને મુલ્કી સેવા વર્ગ બેની પરીક્ષા સંપન્ન થઇ**
6. **આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન રાજ્યમા ગરમીનું પ્રમાણ ઘટવાની આગાહી**

--------------------------------------

સમાચારને અંતે

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CM URBAN GRANT

રાજ્ય સરકારે વિકસિત ગુજરાત@2047ના વિઝનથી વિકસિત ભારત@2047 માટે શહેરો અને શહેરી વિસ્તારોના સુઆયોજિત વિકાસ માટે એક હજાર 203 કરોડ રૂપિયા કરતાં વધુના વિકાસ કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

રાજ્યની નવરચિત 8 મહાનગરપાલિકાઓમાં રોડ રસ્તા, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઇટ, સેનિટેશન જેવા ભૌતિક આંતરમાળખાકીય સુવિધાના કામો ઉપરાંત આંગણવાડી, શાળાના મકાનો, લાઇબ્રેરી, અર્બન હેલ્થ સેન્ટર વગેરે સામાજિક આંતરમાળખાકીય સુવિધાના કામો માટે નાણાં ફાળવ્યા છે.

આ ઉપરાંત, અર્બન મોબિલિટી, સીટી બ્યુટીફિકેશન, આગવી ઓળખના કામો, પાણી પુરવઠાના અને વરસાદી પાણીના નિકાલના કામો વગેરે કામો માટે 585 કરોડ રૂપિયાના ખર્ચની સૈદ્ધાંતિક અનુમતિ આપી છે.

આ અંતર્ગત નવસારી મહાનગરપાલિકાને 81 કરોડ, નડિયાદને 75 કરોડ, આણંદને 78.07 કરોડ, સુરેન્દ્રનગરને 81.04 કરોડ, ગાંધીધામને 104.07 કરોડ તથા વાપીને 78.63 કરોડ તેમજ પોરબંદરને 80.30 કરોડ અને મહેસાણાને 7.42 કરોડ રૂપિયાના વિકાસ કામો માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ ઉપરાંત પરિવહન, સુએઝ પ્લાન્ટ સહિતની કામોને પણ આવરી લેવાયાં છે.

. . . . . . . . . . . .

# ARVALI CM

અંતરિયાળ ગામોના લોકોને નજીકના સ્થળે જ સારવાર માટે સરકારનો સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલોના નિર્માણનો અભિગમ હોવાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું..ભિલોડામાં 43 કરોડની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ સહિત  અરવલ્લી જીલ્લામાં 282 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કામોની ભેટ આપતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આજે છેવાડાના ગામો સુધી સર્વાંગી વિકાસની યાત્રા વિસ્તરી છે.

(બાઇટ- BHUPENDRA PATEL, CM, -AROGYA SEVA)

શિક્ષણ - આરોગ્ય – કનેક્ટિવિટી - પાણી પુરવઠો પાયાના ક્ષેત્રોની શ્રેષ્ઠ સુવિધા નાનામાં નાના માનવી સુધી સરળતાથી 5 પહોંચાડવાનો એપ્રોચ આ સરકારનો છે.

તેમણે મોડાસામાં 15 કરોડના ખર્ચે નવનિર્મિત આઇકોનિક બસપોર્ટ, 140 કરોડના ખર્ચે નિર્માણ થનારા માર્ગો, સમરસ કન્યા અને કુમાર છાત્રાલય, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, નગર પાલિકાના વિકાસ કામો, શાળાઓમાં સ્માર્ટ ક્લાસ વગેરેના લોકાર્પણ ખાતમુહૂર્ત મોડાસામાં યોજાયેલા કાર્યક્રમમાં કર્યા હતા.

. . . . . . . . . . . .

# NAVSARI PATIL

નવસારી મહાનગરપાલિકાના 14 કરોડ 94 લાખના વિકાસ કામોનું લોકાર્પણ તથા 17 કરોડ 52 લાખના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કેન્દ્રીય જળશક્તિમંત્રી સી આર પાટીલે કર્યું હતું.. આ ઉપરાંત  1 કરોડ 52 લાખના રેઈન વોટર હાર્વેસ્ટિંગના કામોનો શિલાન્યાસ પણ તેમણે કર્યો હતો..

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીએ મહાનગરપાલિકાની વેબસાઈટનું લોન્ચિંગ પણ કર્યું હતું.. સી.આર.પાટીલે નવસારીના લોકોને ‘જળ સંરક્ષણ – જન ભાગીદારી” અભિયાનમાં જોડાવા અપીલ કરી હતી. તેમણે ઉમેર્યુ હતું કે ચોમાસામાં વહી જતા પાણીનો સંગ્રહ કરવો આજના સમયની માંગ છે..

'સ્વચ્છ નવસારી મહાનગર' માટે ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન વાહનોને લીલી ઝંડી આપી મહાનગરપાલિકાને સ્વચ્છતાની ભેટ આપી હતી.

(બાઇટ- સી.આર.પાટીલ)

. . . . . . . . . . . .

# RAJKOT MANDAVIYA

કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયાની અધ્યક્ષતા રાજકોટના ઉપલેટા શહેર ખાતે ચાર હજાર ૬૫૧ લાખના ખર્ચે તેયાર થનારા વિકાસ પ્રકલ્પોનો ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો. કેન્દ્રીય મંત્રીશ્રીએ જેતપુર માર્ગ અને મકાન વિભાગ હેઠળ ૬૧૨ લાખ રૂપિયાના ખર્ચે નિર્માણ પામનારા ઉપલેટા મહેસુલ સેવા સદન તથા જૂનાગઢ એસ.ટી. ડેપો હેઠળ અંતર્ગત ૭૮૦ લાખ રૂપિયાના ખર્ચે બનનારા ઉપલેટા બસ સ્ટેશનનું ભૂમિપૂજન કર્યું હતું. તેમજ જૂનાગઢ એસ.ટી. ડેપો હેઠળ અંતર્ગત ૮૦૯ લાખ રૂપિયાના ખર્ચે નિર્માણ પામનારા ધોરાજી બસ સ્ટેશન અને બે હજાર ૪૪૯ લાખ રૂપિયાના ખર્ચે ઉપલેટા - પાટણવાવ રોડ પર રિવર બ્રિજના રીકન્સ્ટ્રક્શનનું ઇ-ખાતમુહૂર્ત કર્યું હતું.

આ કાર્યક્રમ અગાઉ આજે સવારે તેમણે રાજકોટના ભાયાવદર ખાતે સન્ડે ઑન સાઈકલીંગ કાર્યક્રમ અંતર્ગત સાઈકલ ચલાવી. ત્યારબાદ શ્રી માંડવિયાએ સાઈકલસવારો સાથે સંવાદ કર્યો હતો.

તેમણે તંદુરસ્તી માટે સાયકલ ચલાવવા માટે સૌને અપીલ કરી હતી.. તેમણે ખાસ કરીને નવી પેઢીને વધુને વધુ સાયકલિંગ કરવા માટે અપીલ કરી હતી..

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# GPSC

આજે સમગ્ર ગુજરાતમાં વહિવટી સેવા વર્ગ 1 અને મુલ્કી સેવા વર્ગ 2ની જીપીએસસીની પરીક્ષા યોજાઈ હતી.. આ પરીક્ષામાં સલામતીને ધ્યાનમાં રાખીને કેટલાક ફેરફાર કરવામં આવ્યા હતા..આજે યોજાયેલી GPSCની પરીક્ષા અંગે ચેરમેન હસમુખ પટેલે માહિતી આપતા જણાવ્યું

હતું કે  દરેક ઉમેદવારોએ સવારે સવા અગિયાર વાગ્યા સુધી પરીક્ષા સ્થળે પહોંચવાનું હતું અને તે પ્રમાણે સવા અગિયારથી સાડા અગિયાર સુધી પહોંચેલા ઉમેદવારોને પરીક્ષામાં પ્રવેશ અપાયો હતો.

## (બાઇટ- હસમુખ પટેલ , ચેરમેન, GPSC)

જોકે જીપીએસસીની સૂચના અનુસાર સાડા અગિયાર વાગ્યા બાદ પરીક્ષા કેન્દ્ર ઉપર પહોંચેલા ઉમેદવારોને પ્રવેશ અપાયો નથી તેમ પણ હસમુખ પટેલે જણાવ્યું હતું.

. . . . . . . . . . . . .

# TAPI JILLA COLLECTOR

તાપી જિલ્લા કલેક્ટરે જિલ્લાની શાળાઓમાં ધર્મ આધારિત પ્રવૃત્તિઓ ન થાય તે માટે તકેદારી રાખવા પરિપત્ર બહાર પાડ્યો છે.

તાપી જિલ્લા કલેક્ટરે જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને પરિપત્રમાં જણાવ્યું છે કે જિલ્લાની શાળાઓમાં વિદ્યાર્થીઓને કોઇ ચોક્કસ ધર્મ આધારિત પ્રાર્થના, જ્ઞાન, ઉપદેશ ન અપાય તેનું ધ્યાન રાખવું. ધર્મ પ્રચાર માટે ધાર્મિક પુસ્તકોનું વાંચન જેવી પ્રવૃત્તિઓ કરાવવી નહી.

. . . . . . . . . . . . .

# WEATHER

આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન રાજ્યમા ગરમીનું પ્રમાણ ઘટવાની હવામાન વિભાગે આગાહી કરી છે..હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં આગામી 22 થી 24 એપ્રિલ દરમિયાન મહતમ તાપમાન 38 થી 42 ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે.

તારીખ 22 થી 24 એપ્રિલ દરમિયાન રાજ્યના દરિયાઈ કિનારાના જિલ્લામાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેતા પ્રતિકૂળ સ્થિતિ જોવા મળશે.

છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં અમદાવાદ, અમરેલી, રાજકોટ અને ગાંધીનગર ખાતે મહતમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે કંડલા એરપોર્ટ, કેશોદ અને ડીસા ખાતે મહતમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યમાં શુષ્ક વાતાવરણ રહ્યું છે. દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ અને કચ્છમાં દિવસના તાપમાનમાં ઘટાડો નોંધાયો છે.

. . . . . . . . . . . .

## SURENDRANAGAR-HEATWAVE

હીટવેવના અનુસંધાને રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા હાલમાં યલો એલર્ટ  તથા ઓરેંજ એલર્ટ જાહેર કર્યું છે. જે અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં પણ ૪૨ સે. થી ૪૪ સે. તાપમાન પહોંચી ગયું છે. આગામી દિવસોમાં હિટવેવની ચેતવણી આપવામાં આવેલ છે.

હીટવેવથી થતી વિપરિત અસરો નિવારી શકાય તે માટે જરૂરી પગલા લેવાના ભાગરૂપે કલેકટર કચેરી તથા તાલુકાના તમામ જનસેવા કેન્દ્રો તેમજ તાલુકાના તમામ ઇ-ધરા કેન્દ્રો, આધારકેન્દ્રો તેમજ બેન્ક અને

પોસ્ટઓફિસના તમામ આધારકેન્દ્રો ખાતે જાહેર જનતા વિષયક કામગીરી સબંધે સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

જે મુજબ જિલ્લાના જનસેવા કેન્દ્રમાં હાલના સમય સવારના ૧૦.30 થી ૬.૧૦ના બદલે સવારના ૯.00 થી ૧.00 તથા બપોરબાદ ૪.00 થી ૬.00 સુધી નકકી કરવામાં આવ્યો છે. આ સમયની અમલવારી 21 એપ્રિલથી પંદરમી જૂન સુધીની રહેશે.

. . . . . . . . . . . .

## DANG - VIJAY PATEL

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજય પટેલે આજે બોરખલ ડેમ અને દેવીનામાળ ડેમની આકસ્મિક મુલાકાત લઈને પાણીની સમસ્યા હલ કરવા અંગે અધિકારીઓને સુચનો કર્યાં.

શ્રી પટેલે કહ્યું કે, પ્રજાજનોને પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં કોઈ અધિકારી કે ઈજારદારની બેદરકારી બહાર આવશે તો તે સાંખી નહિ લેવાય. તેમણે પાણીનો વ્યય અટકાવવા અને પાઈપ લાઈનના ભંગાણનું સમારકામ સત્વરે કરવાની પણ સૂચના આપી હતી. તેમણે કહ્યું કે, ઉનાળામાં સર્જાતી પાણીની સમસ્યાને ઉકેલવા માટે ત્રણ બોરની કામગીરી પુર્ણ કરવામાં આવી છે જેને હયાત પાઇપલાઇનમાં જોડી આહવાને પાણી પુરુ પાડવામાં આવી રહ્યું છે.

શ્રી પટેલે બોરખલ ખાતે દમણગંગા વિભાગના ડેમની પણ મુલાકાત લીધી અને લાભાર્થીને પાણી પહોચેં તેવી વ્યવસ્થા કરવા અધિકારીઓને સુચનો કર્યાં હતા.

. . . . . . . . . . . .